# સરદાર હમને આપકા નમક ખાયા હૈ

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

ઉપર લખેલો 'શોલે' ફિલ્મનો ડાયલોગ મોટાભાગના ભારતીયોએ સાંભળ્યો છે. કોઈએ ક્યારેય વિચાર્યું છે આ વાક્યમાં નમક શબ્દ શા માટે આવ્યો હશે? સદીઓ પહેલાં જે દેશો દરિયાથી બહુ દૂર હતા ત્યાં મીઠું અત્યંત કિમતી હતું. આજે કર્મચારીઓને અપાતા પગાર માટે અંગ્રેજી શબ્દ salary વપરાય છે. salary શબ્દ મૂળ લૅટિન ભાષાના solarium શબ્દ પરથી બન્યો છે. રોમન સૈનિકોને જ્યારે મહેનતાણાં પેટે મીઠું અપાવા લાગ્યું એટલે કે મીઠા ઉપરથી salary વપરાશમાં આવ્યો છે. તો પછી નમકહલાલ કે નમકહરામ શબ્દો ક્યાંથી આવ્યા?

ભારતના સમાજજીવનમાં મીઠું માત્ર રસાયણ નહીં, ભાવનાત્મક ગણવામાં આવે છે. સ્ત્રી જ્યારે રસોઈમાં મીઠું ભૂલી જાય કે ઓછું-વધુ કરી નાખે ત્યારે એ રસોઈ ખાનારાની પ્રતિક્રિયાઓ જુદી જુદી હોય છે. ભારતમાં એટલે જ અક્કલ વગરના માણસને 'મીઠાં વગરનો' કહેવાય છે. ભારતની અમુક જ્ઞાતિઓમાં નવવધૂ જ્યારે સાસરાના આંગણામાં પહેલી વાર પગ મૂકે છે ત્યારે તેની સાસુ અગ્નિ અને મીઠું ભરેલી માટીની નાની તાંસળી પગ પાસે મૂકે છે. નવવધૂ પગથી માટીની તાંસળી ભાંગે છે. આ વિધિ કચ્છમાં પણ પ્રચલિત છે. મીઠાને ધન સાથે સંબંધ હોવાનું માનવામાં આવે છે એટલે જ નવા વર્ષના પહેલા દિવસે મીઠું વેચનારા વહેલી સવારે નીકળે છે. લોકો માને છે કે વર્ષના પહેલા દિવસે આવેલું મીઠું ઘરમાં બરકત લાવશે. ભારતની રસોઈ મીઠા વગર બનતી નથી. એટલે જે ઘરનું ખાધું હોય તેની સાથે દગો ન થાય, તે એક ઋણ કહેવાય. એમાંથી જ નમકહલાલ અને નમકહરામ શબ્દ આવ્યા છે. વિશ્વના કેટલાક પ્રદેશોમાં ઘેર પધારેલા મહેમાનનું મીઠા વડે સ્વાગત થતું. કેટલીક જગ્યાએ નવવિવાહિતોને પાંઉ (bread), દારૂ અને મીઠું અર્પણ કરવાની પણ પ્રથા હતી. તિબેટ, ઈથિયોપિયા તેમ જ આફ્રિકાના કેટલાક પ્રદેશો તેમ જ ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં મીઠાનાં ચોસલાં (cakes) ચલણ તરીકે વપરાતાં. ચીનમાં મીઠાના સિક્કા વપરાતા હોવાના ઉલ્લેખો જોવા મળેલા છે. પ્રાચીન સમયમાં કેટલીક જગાએ મીઠા ઉપર લાગો (કર) ઉઘરાવવાની પણ પ્રથા હતી. ભારતની આઝાદી સાથે જોડાયેલી 'દાંડીકૂચ' પણ મીઠાના કર સાથે જોડાયેલી છે.



**મીઠાને ધન સાથે સંબંધ હોવાનું માનવામાં આવે છે એટલે જ નવા વર્ષના પહેલા દિવસે મીઠું વેચનારા વહેલી સવારે નીકળે છે. લોકો માને છે કે વર્ષના પહેલા દિવસે આવેલું મીઠું ઘરમાં બરકત લાવશે. ભારતની રસોઈ મીઠા વગર બનતી નથી. એટલે જે ઘરનું ખાધું હોય તેની સાથે દગો ન થાય, તે એક ઋણ કહેવાય. એમાંથી જ નમકહલાલ અને નમકહરામ શબ્દ આવ્યા છે**

મીઠાના યોગ્ય ઉપયોગથી ખાવાની વસ્તુઓને સ્વાદિષ્ટ બનાવવાનું ચલણ સદીઓ પહેલાં શરૂ થયું હતું એટલે મીઠું આજે જગતમાં દરેક જગ્યાએ મળે છે. સામાન્ય રીતે દરિયાના પાણીમાં મીઠું હોય છે એ બધા જ જાણે છે તો શું દરિયાનું પાણી રસોઈમાં વાપરી શકાય? ના, બિલકુલ ન વાપરી શકાય. એવું હોત તો દરિયા કિનારાના લોકો મીઠું વાપરતા જ ન હોત. મીઠાનું રાસાયણિક નામ સોડિયમ ક્લોરાઈડ છે. તેને ગુજરાતીમાં લવણ પણ કહે છે. મીઠાના ત્રણ મુખ્ય સ્વરૂપ છે. સામાન્ય લવણ(common salt), મેજ લવણ(table salt)અને મુક્ત મીઠું (free flowing salt) જે બારીક દાણાદાર હોય છે. ખાવામાં વપરાતાં મીઠામાંથી અન્ય સંયોજનો દૂર કરવામાં આવે છે. ત્રણ દાયકા પૂર્વે એવું એક સંશોધન આવ્યું કે લોકોને આયોડીનની ખામીને કારણે અમુક રોગો થાય છે. ભારત સરકારે મીઠું ઉત્પાદન કરતી કંપનીઓને આદેશ કર્યો કે તે મીઠામાં આયોડીન ભેળવે. હાલ બજારમાં વિવિધ કંપનીઓ દ્વારા મળતું ખાદ્ય મીઠું આયોડીનયુક્ત હોય છે. ભારતનો વિશાળ દરિયાકિનારો ગંજાવર મીઠું ઉત્પન કરવાનો મુખ્ય સ્ત્રોત છે. તેમાંય દેશના કુલ ઉત્પાદનના ૭૦% મીઠું માત્ર ગુજરાતમાં પાકે છે. જેમાં કચ્છ અગ્રીમ સ્થાને છે. મીઠું એક પાક છે, મીઠાનાં ખેતર હોય છે જેને અગર કહે છે અને એની ખેતી કરનારને અગરિયા કહે છે. મીઠાના ઉત્પાદનમાં મબલખ નફો જોઈ ગયેલી કંપનીઓ હવે મીઠાના ઉદ્યોગ તરફ વળી છે. અગરિયાઓની હાલત માટે સરકારોએ નિશાળો સહિત ઘણી સુવિધાઓ ઊભી કરી છે, તેમ છતાં આ ધંધો એવો છે જે ચોમાસાના ચાર મહિઓમાં બંધ પડ્યો હોય છે. અચાનક થતાં વરસાદથી મીઠાના ઉત્પાદકોને કરોડોનું નુકસાન થાય છે. મીઠું માત્ર દરિયાના પાણીમાંથી જ નથી બનતું, કેટલાક ખારાં પાણીનાં સરોવરો પણ મીઠાના ઉત્પાદન માટે જાણીતા છે. રાજસ્થાનનું સાંભર સરોવર એનું ઉદાહરણ છે. મીઠું કુદરતી ખડકોમાંથી પણ મળી આવે છે. સૈંધવ (rock-salt) સ્ફટિકમય સોડિયમ ક્લોરાઈડ છે. ખનિજ-વૈજ્ઞાનિકો તેને હેલાઈટ (halite) કહે છે. હિમાચલ પ્રદેશના મંડીમાંના દ્રાન્ગ અને ગુમા વિસ્તારોમાં આવું મીઠું મળી આવે છે. ભારતના પશ્ચિમ કાંઠે કચ્છ તથા સૌરાષ્ટ્રમાં, દક્ષિણમાં કન્યાકુમારીના દરિયાકાંઠે, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં મીઠું પકવવામાં આવે છે. મીઠું, લવણ, લૂણ, નમક, સિંધવ,ક્ષારામ્લ, ખાર જેવા શબ્દો વ્યવહારમાં છે. વૈદકમાં લવણની આઠ જાત આ પ્રમાણે ગણાવી છે. (૧) સિંધવ અથવા સિંધાલૂણ (૨) સમુદ્રમીઠું અથવા સાધારણ મીઠું (૩) બીડીલોણ, બીડલવણ અથવા વડાગરું મીઠું (૪) સૌવર્ચલ એટલે સંચળ (૫) સાંબરમીઠું (૬) ઓદ્ભિદ્દ (૭) ગુટિકા અને (૮) પાંશુજ. ભારતમાં કોઈના ઘેર રાતે મીઠું માગવા ન જતા, એ સમજુ હશે તો નહીં આપે.

# ડોક્ટરે ગોપાલની થાય તે સેવા ઘરેથી જ કરવાની સલાહ આપી

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

રવજીભાઈ અને દક્ષાબહેનના લગ્ન થયા ત્યારે એમની પાસે માલિકીનું કહી શકાય તેવું કશુંયે નહોતું. પતિપત્ની બંનેએ પોતાનું ઘર ખરીદવાનું શમણું સૌથી પહેલાં જોયું. દરેક કાંગસિયા બહેનો જે વ્યવસાયમાં પાવરધા 'ગોપાલની હાલત ખરાબ થઈ રઈ સે મને લાગે સે હવે આપણા બેમાંથી કોઈ એકે એની હારે ચોવી કલાલ રેવું પડશે. એટલે કાલથી તમે એકલા થડે જાજો,' 'પણ તમે હાઈરે હોત તો મને ઠીક રેત.'

''વાત હાચી પણ આમેય હું ક્યાં થડો હંભાળતો'તો તમને જોતો હું તો આઘો બેસી રેતો. આપણા કાંગસિયામાં તો બાઈ માણહ જ ધંધો કરે અમે જણ તો એમની વાહે ઈ કે એમ કરીએ.'

'બહુ આયા મોટા વાંહે ફરવાવાળા? સામાનને થડા હુદી મૂકવા કોણ આવે સે? તમે નો આવો તો હું ઓછી આ હંધુંય ઊંચકીને લઈ જવાની'તી?''

''તો તો હું તમારો હમાલી થ્યો.''

''આજ હવાર હવારમાં ભાંગ પીધી'તી કે શું? હવારથી તમારા વર્તારા જુદા સે''

''ભાંગ પીવાની ક્યાં જરૂર છે? તારી હાલે લગન થ્યા તારથી નશામાં જ સુ.''

રવજીભાઈની વાત સાંભળી દક્ષાબહેન જરા શરમાયાં. ગોપાલની વણસેલી હાલત જોઈને ઘણા દિવસથી દક્ષાબહેન ગમગીન રહેતાં. માની આ ઉદાસીનતા જોઈને ગોપાલ પણ દુઃખી થતો. તે આજે રવજીભાઈએ ગોપાલની હાજરીમાં જ દક્ષાબહેનને હસાવ્યાં ને તેમને હસતાં જોઈ ગોપાલ પણ ખડખડાટ હસ્યો. દક્ષાબહેને થોડા ઠપકા સાથે રવજીભાઈને કહ્યું, ''ઘરમાં જુવાન સોકરો ને વહુ સે અને તમને મજાક હુજે સે'' એમ કહી દક્ષાબહેન ઘરમાંથી ઊઠી આંગણામાં આવ્યાં. રવજીભાઈ પણ તેમની પાછળ આવ્યાને કહ્યું, 'મારી ઘરવાળી હારે મજાક કરુ સુ એમાં વહુને ને દેવાને હું લેવાદેવા?'

''હવે લાજો લાજો. હુંઈ જાવ સાના માના. કાલે હવારે થડે વેલા પોગવું સે''

''મેં કાલથી થડે આવવાની ના પાઈડી, તમે મારી વાત હાંભળી નઈ?''

''હાંભળી પણ તમારા વના.''

''ગોપાલની હાલત તો જુઓ સોને.. ઝાડે ફેરબ્બાથી લઈને ખવડાવવા પીવડાવવા, એનું ચોવીયે કલાક ધ્યાન રાખી હકે એવા માણહો એને જરૂર સે. આજ બપોરના એને ખવરાવવા હું ઘીરે આઈવો. ઈ ટાણે ઈ ભીના લૂંગડે ખાટલામાં હતો. બચારાને પેશાબ થઈ ગેલો. મને કે બાપુ આજ હું તમારી વાટ નો જોઈ હક્યો. ઠંડીમાં ભીના લૂંગડે, માખીયું ય વખો પાડતી'તી આ દશામાં કેટલું બેઠો હસે ભગવાન જાણે. બચારો કોઈ દાડો ફરિયાદ નથ કરતો પણ આપણી હાજરીમાં ઈની આવી દશા થાય ઈ નો ગમે. દેવાની ઘરવાળી, નાનકી અને તમે ત્રણેય ભેરાં થઈને બે થડા હંભાળી જ હકશો. દેવો ય બાજુની દુકાનમાં જ સે. ને જરૂર પડે એનેય બરકી લેવાય' માનું કાળજુ પોતાના વહાલસોયાની આ દશાથી કંપી જતું. બધુંયે મૂકી એની સાથે રહેવાનું મન થતું પણ એની સારવાર ખાતર પૈસાય ભેગા કરવાના હતા એટલે એમણે રવજીભાઈને કાલથી ઘરે રહેવાની સહમતી આપી. ગોપાલ જન્મ્યો ત્યારે એકદમ સાજો નરવો હતો. બોલવાનું, ચાલવાનું બધુંયે સમયસર શીખ્યો. છ વર્ષે એને રાજકોટના કુબલિયાપરામાં આવેલી સરકારી નિશાળામાં ભણવા બેસાડ્યો પણ અચાનક જાણે કોઈની નજર લાગી હોય એમ એક દિવસ ચાલતા ચાલતા તે પડી ગયો અને એ પછી પગ માંડીને ચાલવામાં એને તકલીફ થવા માંડી. એ વખતે એની ઉંમર આઠેક વર્ષની હતી. રવજીભાઈએ ઘણા ડૉક્ટરને બતાવ્યું પણ ગોપાલની હાલત કેમય કરીને સુધરતી નહોતી. દવા સાથે પથ્થર એટલા દેવ કર્યા પણ સ્થિતિ સુધરવાની જગ્યાએ દિવસે દિવસે બગડી રહી હતી. રવજીભાઈ અને દક્ષાબહેનના લગ્ન થયા ત્યારે એમની પાસે માલિકીનું કહી શકાય તેવું કશુંયે નહોતું. પતિ પત્ની બંનેએ પોતાનું ઘર ખરીવાનું શમણું સૌથી પહેલાં જોયું. દરેક કાંગસિયા બહેનો જે વ્યવસાયમાં પાવરધા હોય તે શૃંગાર પ્રસાધનોની સાથે સાથે ગરમ કપડાં, આંતરવસ્ત્રો વગેરે વેચવાનું દક્ષાબહેન કરવા લાગ્યા. રવજીભાઈ દક્ષાબહેનની મદદમાં ખડે પગે. બંનેએ કરકસર કરીને ઘર ખરીદ્યું અને સાથે બચત કરવાનું પણ શરૂ કર્યું. સુખ આવ્યું પરિવારમાં ત્રણ દીકરીઓ અને બે દીકરાઓનો ઉમેરો થયો. રવજીભાઈએ મોટા દીકરા દેવાને દસ ધોરણ સુધી ભણાવ્યો પછી એના લગ્ન કર્યા. દેવો રાજકોટમાં જ એક દુકાનમાં ગુમાસ્તા તરીકે કામે જવા માંડ્યો. દેવાની પત્ની દક્ષાબહેન સાથે એ જે જગ્યાએ બેસીને પોતાનો વેપાર કરતા જેને એ થળો કહેતા ત્યાં જવા માંડી. ધીમે ધીમે સાસુ પાસેથી એણે વેપારની કુનેહ શીખી. એ પછી રવજીભાઈએ એને જુદો થળો કરી આપ્યો. આમ બે થળા થતાં ઘરમાં આવક પણ ઠીક ઠીક વધી. ત્રણમાંથી બે દીકરીઓના લગ્ન પણ રંગેચંગે કર્યા. ત્યાં ગોપાલની બીમારીએ ઘરમાં શત્રુની જેમ પગપેસારો કર્યો. દવાઓ પાછળ કમાય એના કરતાં વધારે ખર્ચ થવા માંડ્યા. બચત ખલાસ થઈ ગઈ. છેવટે એક ભલા ડૉક્ટરે ગોપાલની થાય તે સેવા ઘરેથી જ કરવાની સલાહ આપી. ગમે એટલા પૈસા વેડફશો તોય ગોપાલ હતો એવો ક્યારેય નહીં થવાનો ઊલટાનું એની સ્થિતિ ધીરે ધીરે ખરાબ થતી જવાની એનું હલનચલન પણ ધીમે ધીમે સાવ બંધ થઈ જશે તેવું ડૉક્ટરે કહ્યું. રવજીભાઈ અને દક્ષાબહેન ડૉક્ટરની આ વાતથી ભાંગી પડેલાં. આવડા નાનકડા જીવને શિદ આટલી તકલીફ દીધી એવી ફરિયાદે ય એમણે ભગવાનને કરી. એક જુદી નિરાશા આખા પરિવારમાં વ્યાપી ગઈ. સૌ એકબીજાને હિંમત રાખવા સમજાવે પણ સ્થિતિ તો કોણ કોને હિંમત આપે એવી હતી. ગોપાલ ઘરમાં ઢસડાતો ચાલતો. રવજીભાઈએ એના માટે લાકડાના પાટિયા નીચે લોખંડનાં પૈંડાં ફીટ કરાવી એક ઠેલણગાડી જેવું તૈયાર કરાવી આપ્યું. ગોપાલ એના ઉપર બેસી પોતાના હાથથી ધક્કો મારતો અને ઘરમાં ફરતો. એ દસ વર્ષનો હતો ત્યારે હું પહેલી વાર રવજીભાઈના ઘરે ગઈ એ વખતે એ ઠેલણગાડીમાં બેઠેલો. મને જોઈને રાજી થઈ ગયો.

(ક્રમશઃ)



**ગોપાલની હાલત ખરાબ થઈ રઈ સે મને લાગે સે હવે આપણા બેમાંથી કોઈ એકે એની હારે ચોવી કલાલ રેવું પડશે. એટલે કાલથી તમે એકલા થડે જાજો**